મેંદરડા નાં મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક.) સાહેબની અદાલતમાં, મું.મેંદરડા.

ફોજદારી કેસ નંબર :– ૧૪૬/૨૦૧૮

આંક :–

શ્રી સરકાર

મેંદરડા પો.સ્ટેશન ગુ.ર.નં.સે.૩/૨૦૧૮ ...ફરીયાદી

// વિરુધ્ધ //

(૧૨) અરૂણ દાનાભાઈ પરમાર જાતે દલિત

ઉ.વ.૨૪ ધંધો : મજુરી રહે.પ્રદિપ ટોકીઝની પાછળ

દિન દયાલ નગર જુનાગઢ ... આરોપી

**બાબત : જુગાર ધારાની કલમ ૧૨ મુજબ**

---------------------------------------------------------------

ફરીયાદ પક્ષે :– એ.પી.પી. શ્રી એ.જે.ઠકકર

આરોપી પક્ષે :– વિ. વકીલશ્રી પી. પી. સારીયા

---------------------------------------------------------------

**// ચુકાદો //**

(૧) આ કામના આરોપી વિરૃધ્ધ ફરીયાદી જુગાર ધારા ની કલમ–૧૨ મુજબના ભંગ બદલ ફરીયાદના ગુના સબબની ફરીયાદ રજુ કરતા આરોપી વિરૃધ્ધ આ અદાલત દવારા સમન્સ કાઢવામાં આવેલ અને આરોપીને સમન્સની બજવણી થઈ જતા આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને ફરીયાદ તથા જરૂરી કાગળોની નકલો પુરી પાડયા બાદ આરોપીની આજરોજ આંક– ૫૫ થી પ્લી નોંધવામા આવેલી છે જેમા આરોપીએ ગુનો કબુલ કરેલ છે. તથા આરોપીએ આંક–૫૬ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને આરોપી તરફે રજુઆત છે કે તેઓને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને ગુનાનો પ્રકાર ઘ્યાન લેતા ઓછામાં ઓછી રકમનો દંડ કરવા રજુઆત કરેલ છે.

(૨) આરોપી કોર્ટમા હાજર થયેલ, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ આપી, પ્લી રેકર્ડ કરતા આરોપીએ પોતાની સામેનો ગુનો પોતાને કબૂલ હોવાનું જણાવેલ છે, જે અંગે પુરસીસ રજૂ કરતાં આરોપીને તેની સામેના ગુના અંગેની પ્લી રેકર્ડ કરી ગુનાની હકીકત વાંચી સંભળાવી સમજાવતાં આરોપીએ સદર ગુનો સ્વખુશી થી કરેલ છે, જેથી આરોપીની આ કબૂલાત ન માનવાને કારણ નથી, જેથી આરોપીને તેની સામેના સદર ગુના અંગે ગુનેગાર ઠરાવી સજા અંગે પૂછતાં આરોપી જણાવે છે કે, તેઓ ગરીબ માણસ છે, આ ગુનો પ્રથમ ગુનો છે અને થયેલ ગુના બદલ પસ્તાવો વ્યકત કરી હવે પછી આવી ભૂલ નહીં થાય તેની ખાતરી આપે છે તેમજ પોતાને આ ભૂલ બદલ હળવી

દંડની સજા કરવા દયાની અરજ ગુજારેલ છે. જે તમામ સંજોગો તથા કેસની હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

// **હુકમ** //

(૧) આ કામના આરોપીઅ સુરેશ ઉર્ફે દુલ્લો સોમાભાઈ સોલંકી, રહે. બરવાડાની સીમમા તા. મેંદરડાવાળાને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા. ૨૦૦/– ( અંકે રૂપિયા બસો) લેખે કુલ રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા એક બસ્સો પુરા) નો દંડ ભરવાની સજા કરવામાં આવે છે. જે આરોપી દંડની રકમ ન ભરે તો તે આરોપીએ દિન–૦૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ આંક–૨ ની મુદ્દામાલ પાવતી મુજબ મુદ્દામાલ રોકડ રકમ રૂાપીયા ૪૩૬૦/– (અંકે રૂપિયા ચાર હજાર તણસો સાંઈઠ ) સરકારશ્રીમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા જુગારને લગતા અન્ય સાહિત્યનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા આ કામે મોબાઈલ તથા વાહન અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં તારીખ ૨૭ મી માહે માર્ચ, સને ૨૦૨૫ના રોજ જાહેર કર્યો.

તારીખ :– ૨૭/૦૩/૨૦૨૫.
સ્થળ :–મેંદરડા.

( કે.એમ.રાઠોર)
ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ
મેંદરડા.
U.I.Code No. GJ01638